**કોર્ટ ઓફ કમિશનર (વિકલાંગ વ્યકિતઓ માટેના)**

**ગુજરાત રાજય**

(Deemed Civil Court) વિકલાંગ ધારો (સમાનતકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ૧૯૯૫

બ્લોક નં. ૧૬ ભોયતળીયે , ડૉ. જીવરાજ મહેતા ભવન, સેકટર-૧૦, ગાંધીનગર-૩૮૨૧૦

---

**પ્રાથમિક સુનાવણી નં. ૫૨૪ /૨૦૧૫** **ક્રમાંક કમિ/ અપગ/૨૦૧૫-૧૬/**

**તા.૦૮ / ૦૧ / ૨૦૧૬**

**અરજદારઃ-**
**અમૃતભાઇ પી. પટેલ,**
**ઉ.શિ. ફિંચોડ પ્રા.શાળા,**
**મુ.ફિંચોડ, તા.ઇડર,**
**જિ. સાબરકાંઠા.**

**વિ રૂ ધ્ધ**

-

**સામાવાળાઃ-**

(૧) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ,
સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર.

(૨) સરપંચશ્રી,
ફિંચોડ ગ્રામ પંચાયત,
મુ. ફિંચોડ, તા. ઇડર,
જી. સાબરકાંઠા.

વિકલાંગ અરજદાર શ્રી અમૃતભાઇ પી. પટેલ, ફીંચોડ પ્રાથમીક શાળા, હેમરેજનો શિકાર થવાથી લકવાજનીક ૪૫ ટકા વિકલાંગતા ધરાવે છે. તેઓએ તા.૧૩/૧૦/૨૦૧૫ ના રોજથી આ કોર્ટ સમક્ષ દાવો દાખલ કરેલ, જેને કેસ રજિસ્ટર ઉપર કેસ નં.૫૨૪/૨૦૧૫ તરીકે નોંધણી કરી પ્રતિવાદી તરીકે જિલ્લા પ્રાથમીક શિક્ષણાધિકારી, સાબરકાંઠા અને સરપંચશ્રી, ફિંચોડ ગ્રામ પંચાયત, તા. ઇડરને તા.૨૦/૧૧/૨૦૧૫ ની મુદતે વિગતો સાથે ઉપસ્થિત રહેવા જણાવેલ.

તા.૨૦/૧૧/૨૦૧૫ ની મુદતે અરજદાર શ્રી અમૃતભાઇ પી. પટેલ અને પ્રતિવાદી પક્ષે  જી. કે. પટેલ નાયબ જિલ્લા પ્રાથમીક શિક્ષણાધિકારી, સાબરકાંઠા હાજર રહેલા.

શ્રી અમૃતભાઇ પી. પટેલે તા.૧૩/૧૦/૨૦૧૫ ની મુદતે તેઓએથી રજુ કરેલ લેખીત રજુઆત ધ્યાને લેવા અને તે મુજબ યોગ્ય હુકમ કરવા દાદ માંગેલ છે. વધુમાં તેઓએ લેખીત રજુઆત કરતાં જણાવેલ કે, તા.૧૭/૮/૨૦૧૫ ના રોજ તેઓ ફીચોડ પ્રાથમીક શાળા ખાતે જીલ્લા શિક્ષણાધિકારીના બદલીના હુકમ અન્વયે હાજર થવા જતાં સરપંચ અને ગ્રામલોકોએ વિરોધ કરતાં તેમને હાજર કરેલા નથી. ત્યારબાદ તાલુકા પ્રાથમીક શિક્ષણાધિકારી અને નાયબ જીલ્લા શિક્ષણાધિકારી રૂબરૂ આવ્યા બાદ તેઓને ફરજીયાતપણે રજા ઉપર ઉતારી દેવામાં આવેલ છે. તેઓને તા.૦૯/૦૯/૨૦૧૫ થી પગાર મળેલ નથી. શ્રી પટેલે ભારતીય વિકલાંગ ધારા, ૧૯૯૫ ની કલમ - ૪૭(૧) અને (૨) ની જોગવાઇઓ અન્વયે તેઓને નોકરીમાં જરુરી રક્ષણ આપવા પણ રજુઆત કરેલ.

શ્રી જી.કે. પટેલ, નાયબ જિલ્લા પ્રાથમીક શિક્ષણાધિકારી, સાબરકાંઠાએ રૂબરૂ હાજર રહી મુદતે જીલ્લા શિક્ષણ સમિતિ, સાબરકાંઠાને તા.૨૭/૧૧/૨૦૧૫ ના પત્રથી શ્રી અમૃતભાઇ પી. પટેલની પીટીશન પરત્વે લેખીત રજુઆત કરેલ છે. જીલ્લા પ્રાથમીક શિક્ષણાધિકારીએ રજુ કરેલ અહેવાલ મુજબ શ્રી અમૃતભાઇ પી. પટેલ, ઇડર તાલુકાના ફીચોડ પ્રાથમીક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. જેઓ છેલ્લા ૧૭ માસથી   પેરાલીસીસની બીમારીના કારણે લાંબી બીમારી ઉપર હતા. તેઓ તા.૧૭/૮/૨૦૧૫ ના રોજ સિવિલ હોસ્પીટલ, અમદાવાદનું ડોકટરી સર્ટીફીકેટ રજુ કરી ફરજ ઉપર હાજર થયેલા. જેની સામે વાલીઓ બાળકોને શાળાએથી ઘરે લઇ ગયેલા અને તા. ૧૮/૮/૨૦૧૫ ના રોજ સૈનિક  દૈનિક પેપરમાં પ્રેસનોટ પણ આવેલ. આમ થતાં તાલુકા પ્રાથમીક શિક્ષણાધિકારીએ તા.૧૯/૮/૨૦૧૫ ના રોજ ફીચોડ શાળાની મુલાકાત લીધેલ હતી. તાલુકા પ્રાથમીક શિક્ષણાધિકારીશ્રીએ  જિલ્લા પ્રાથમીક શિક્ષણાધિકારીશ્રીને રજુ કરેલ અહેવાલમાં દર્શાવેલ કે, શ્રી અમૃતભાઇ પી. પટેલ સ્પષ્ટ ઉચ્ચારથી વાંચન કરી શકતા નથી કે બ્લેકબોર્ડમાં પણ લખાણ કરી શકતા ન હોઇ મેડીકલ સર્ટીફીકેટ અંગે શંકા વ્યકત કરવામાં આવેલ. પ્રસ્તૃત અહેવાલના આધારે નાયબ જિલ્લા પ્રાથમીક શિક્ષણાધિકારીશ્રીએ  તા.૨૨/૮/૨૦૧૫ ના રોજ ફીંચોડ

પ્રાથમિક શાળાની મુલાકાત લઇ એસ.એમ.સી.ના સભ્યો તથા અન્ય ગ્રામજનોની પણ મુલાકાત લેતાં, એસ.એમ.સી.ના સભ્યો તથા ગ્રામજનો અને વાલીઓએ શ્રી પટેલની શૈક્ષણિક કામગીરી માટે અસંતોષ વ્યકત કરેલ. જેના આધારે શ્રી પટેલના શારીરિક યોગ્યતાના પ્રમાણપત્રની ચકાસણી સારુ સિવિલ હોસ્પીટલ, હિંમતનગર ખાતે તા.૨૭/૮/૨૦૧૫ ના રોજ મોકલવામાં આવેલ અને તેનો પ્રત્યુતર ન આવે ત્યાં સુધી શ્રી પટેલને રજા ઉપર જવા જણાવવામાં આવેલ. મુખ્ય જીલ્લા તબીબી અધીકારી સહ સિવિલ સર્જન, જનરલ હોસ્પીટલ, હિંમતનગરે તા.૨/૯/૨૦૧૫ ના પત્રથી જણાવેલ કે, શ્રી પટેલ અત્યારે કાર્યક્ષમ ન જણાતાં હોય તો તેઓની ક્ષમતા માટે તેઓની રુબરુમાં તપાસણી કરવી જરુરી છે, જે અન્વયે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ તા.૨૧/૯/૨૦૧૫ ના પત્રથી શ્રી પટેલને પુનઃ પ્રમાણપત્ર મેળવી લેવા જણાવવામાં આવેલ. જેના પ્રત્યુત્તરમાં શ્રી પટેલે તા.૧૩/૧૦/૨૦૧૫ ના પત્રથી વિકલાંગતા ધારા મુજબ રક્ષણ આપવા રજુઆત કરેલ છે. આમ સમગ્ર વિગતે શ્રી પટેલ શિક્ષણકાર્ય માટે કાર્યક્ષમ નહીં જણાતાં તેઓને રજા ઉપર ઉતારી દેવામાં આવેલ હોય તેમ જણાય છે.

બન્ને પક્ષની રજુઆતો જોતાં જણાય છે કે, શ્રી પટેલ ચાલુ ફરજ દરમ્યાન પેરાલીસીસનો હુમલો થતાં વિકલાંગ થયેલ છે અને તેઓને બોર્ડ ઓફ રેફરીઝ, હિંમતનગર ધ્વારા તા.૧૫/૬/૧૫ ના પત્રથી શિક્ષક તરીકે યોગ્યતા ધરાવતા હોવાનું પ્રમાણપત્ર આપવામાં આવેલ તથા તેઓએ ૪૫ ટકા વિકલાંગતા ધરાવે છે તેવું પ્રમાણપત્ર રજુ કરેલ છે. ભારતીય વિકલાંગ ધારા, ૧૯૯૫ ની કલમઃ ૪૭(૧) માં નીચે મુજબ જોગવાઇ કરવામાં આવેલ છે.

" કોઇ પણ કર્મચારી પોતાના સેવાકાળ દરમ્યાન વિકલાંગ થાય તો કોઇ પણ એકમ તે કર્મચારીને તેની પાયરી નીચે ઉતારી શકે નહીં કે દૂર કરી શકશે નહીં. કર્મચારી જે જગા ધરાવતો હતો તે જગા માટે વિકલાંગતા આવ્યા પછી યોગ્ય ન હોય તે તેના એ જ પગાર ધોરણ અને સેવા લાભો સાથે અન્ય જગ્યા પર બદલી કરી શકશે. વધુમાં જોગવાઇ કરવામાં આવે છે કે, જે તે જગ્યા ઉપર જે તે કર્મચારીને ગોઠવવાનું શકય ન બને તો તેને અધિસંખ્યક જગ્યા પર ત્યાં સુધી રાખી શકાશે કે, જયાં સુધી તેને માટે યોગ્ય જગ્યા ઉપલબ્ધ બને અથવા તે નિવૃતિની ઉંમરે પહોંચે બેમાંથી જે વહેલું હોય તે. "

ઉપરોકત જોગવાઇ ધ્યાને લઇ આ કેસમાં હું નીચે મુજબ હુકમ કરું છું.

**<u>હુકમ</u>**

અરજદાર શ્રી અમૃતભાઇ પી. પટેલ, મદદનીશ શિક્ષક, ફિંચોડ પ્રાથમિક શાળા, તા. ઇડર, જી. સાબરકાંઠાને જે તારીખથી ફરજીયાત રજા ઉપર ઉતારી દેવામાં આવેલ હોય તે તારીખથી સેવામાં હાજર ગણવા અને તે સમયગાળાના પગાર-ભથ્થાની ચૂકવણી કરવી તથા શ્રી પટેલની અન્ય જગ્યાએ નિમણૂંક કરી તેમની સેવાઓનો ઉપયોગ કરવા આથી હું હુકમ કરું છું.

**( સંજય નંદન )**
**કમિશનર ઓફ ધી કોર્ટ.**

**પ્રતિ ,**

**(૧) અમૃતભાઇ પી. પટેલ, ઉ.શિ. ફિંચોડ પ્રા.શાળા, તા.ઇડર, જિ. સાબરકાંઠા.**

**નકલ રવાના** - (૧) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી , સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર.
(૨) સરપંચશ્રી, ફિંચોડ ગ્રામ પંચાયત, ફિંચોડ, તા. ઇડર, જી. સાબરકાંઠા.